# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્માંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૦૪ /૨૦૧૭

## તા. ૨૮/૦૧/૨૦૧૭

હું, એ.કે.સિંઘ, IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) (એમ), ૩૩ (૨), મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ ની કલમ ૧૧૨(૨) અંતર્ગત મળેલી સત્તા રૂએ અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૨૯/૦૧/૨૦૧૭ ના રોજ જે.પી.સ્પોર્ટ્સ એન્ડ ઈવેન્ટ દ્વારા સાયકલોથોનનું આયોજન કરેલ હોઇ જેથી વાહન વ્યવહારનાં સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં જે.પી.સ્પોર્ટ્સ એન્ડ ઈવેન્ટ દ્વારા આવતીકાલ તા.૨૯/૦૧/૨૦૧૭ ના રોજ **"સાયકલોથોન"** નું આયોજન કરેલ હોઇ આ સાયકલોથોનના રુટ ઉપર આવતા માર્ગો ઉપરના વાહન વ્યવહાર પર સાયકલોથોનનાં સમયગાળા દરમ્યાન વાહન વ્યવહારનાં અવર-જવર માટે પ્રતિબંધિત ફરમાવવામાં આવે છે.

**તા.૨૯/૦૧/૨૦૧૭ ના રોજનો સાયકલોથોન રૂટ :**

**રૂટ નં. (૧)** :- રીવરફ્રન્ટ વલ્લભસદનથી શરુ થઇ પાલડી એન.આઇ.ડી. રીવરફ્રન્ટથી યુ-ટર્ન લઇ પરત વલ્લભસદન સુધીનો માર્ગ તમામ પ્રકારનાં ટ્રાફીક માટે **સવાર કલાક ૦૬.૩૦ થી ૦૭.૩૦ વાગ્યા સુધી** બંધ રહેશે. **(૦૨ કિ.મિ.)**

**વૈકલ્પિક માર્ગ :**

ગુજરાત સાહિત્ય પરીષદ ચાર રસ્તાથી જમણી બાજુ વળી બુટાસિંગ મહાદેવ થઇ નહેરુબ્રીજ ચાર રસ્તા થઇ પાલડી ચાર રસ્તા થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા તરફ આશ્રમ રોડનો ઉપયોગ આવ જા માટે કરી શકાશે.

**રૂટ નં. (૨)** :- રીવરફ્રન્ટ વલ્લભસદનથી શરુ થઇ મીઠાખળી અંડરપાસ થઇ મીઠાખળી છ રસ્તા થઇ ગીરિશ કોલ્ડ્રીક્સથી ડાબી બાજુ વળી સી.જી.રોડ થઇ પંચવટી સર્કલ થઇ પરીમલ ચાર રસ્તા થઇ પરીમલ અંડરપાસ થઇ મહાલક્ષ્મી ચાર રસ્તા થી ડાબી બાજુ વળી પાલડી ચાર રસ્તાથી જમણી બાજુ યુ ટર્ન લઇ પરત ગીરીશ કોલ્ડ્રીક્સ ચાર રસ્તા થઇ સ્વસ્તીક ચાર રસ્તા થઇ સ્ટેડીયમ સર્કલ થી જમણીબાજુ યુ ટર્ન લઇ પરત ગીરીશ કોલ્ડ્રીક્સ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી મીઠાખળી સર્કલ થઇ વલ્લભસદન રીવરફ્રન્ટ સુધીનો માર્ગ તમામ પ્રકારનાં વાહનો માટે **સવાર કલાક ૦૬.૦૦ થી ૦૮.૦૦ વાગ્યા સુધી** બંધ રહેશે. **(૧૪ કિ.મિ.)**

**વૈકલ્પિક માર્ગ :**

**૧.** વાસણા તરફ જવા માટે વાડજ સર્કલથી દધિચીબ્રીજ થઇ દુધેશ્વર ચાર રસ્તા થઇ શાહપુર ચાર રસ્તા થઇ ભવન્સ કોલેજ રોડ થઇ ખાનપુર થઇ રૂપાલી સર્કલ લાલદરવાજા થઇ વિક્ટોરીયા ગાર્ડન થઇ રીવરફ્રન્ટ રોડ જમાલપુર ફૂલબજાર થઇ જમાલપુર ચાર રસ્તા થઇ બહેરામપુરા ચોકી દાણીલીમડા ચાર રસ્તા થઇ ખોડીયારનગર ચાર રસ્તા આંબેડકરબ્રિજ થઇ અંજલી સર્કલ થઇ વાસણા તરફ આવ-જા કરી શકાશે.

**૨.** સુભાષબ્રિજ સર્કલથી શિલાલેખ ટાવર ચાર રસ્તા થઇ પીકનીક હાઉસ રીવરફ્રન્ટ ગાર્ડન થઇ પુર્વ તરફનાં રીવરફ્રન્ટ રોડ થઇ જમાલપુર ચાર રસ્તાથી વળી સરદારબ્રીજ મધ્યભાગે થઇ એન.આઇ.ડી. ચાર રસ્તાથી ડાબી બાજુ વળી પાલડી ગામ ભગવાનનગરનાં ટેકરો થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા થઇ આવ-જા કરી શકાશે.

**૩.** પ્રબોધરાવળ સર્કલ થઇ ૧૩૨ ફુટ રીંગરોડ થઇ અખબારનગર સર્કલ થઇ એ.ઇ.સી. બ્રિજ મધ્યભાગે થઇ હેલ્મેટ ઓવરબ્રીજ મધ્યભાગે થઇ અંધજન મંડળ ચાર રસ્તા થઇ શિવરંજની ચાર રસ્તા થઇ સ્ટારબજાર થઇ ઇસ્કોન ચાર રસ્તા થઇ બોપલ તરફ આવ-જા કરી શકાશે.

**રૂટ નં. (૩)** :- રીવરફ્રન્ટ વલ્લભસદનથી શરુ થઇ બુટ્ટાસિંગ મહાદેવ થઇ ઇન્કમટેક્ષ ચાર રસ્તા થઇ ઉસ્માનપુરા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી સ.પ.બાવલા સર્કલ થઇ નવરંગ સર્કલ થઇ વિજય ચાર રસ્તાથી જમણી બાજુ વળી સૌરભ ચાર રસ્તા થઇ હેલમેટ ચાર રસ્તા થઇ સાંઇબાબા ચાર રસ્તા થઇ થલતેજ ચાર રસ્તાથી ડાબી બાજુવળી પકવાન ચાર રસ્તા થઇ ઇસ્કોન ઓવરબ્રીજ મધ્યભાગે થઇ કર્ણાવટી ક્લબ સામે થઇ વાય.એમ.સી.એ. કટથી જમણી બાજુ યુ-ટર્ન લઇ પરત પકવાન ચાર રસ્તાથી પકવાન અંડરપાસ થઇ હેબતપુર ચાર રસ્તા થી જમણીબાજુ

યુ-ટર્ન લઇ થલતેજ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી પરત ઉપરોક્ત રસ્તે થઇ રીવરફ્રન્ટ વલ્લભસદન સુધીનો માર્ગ તમામ પ્રકારનાં વાહનો માટે **સવાર કલાક ૦૬.૦૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી** બંધ રહેશે. **(૨૫ કિ.મિ.)**

**વૈકલ્પિક માર્ગ :**

**૧.** સુભાષબ્રિજ તરફથી એસ.જી.હાઇવે તરફ જવા માટે વાડજ સર્કલ થઇ અખબારનગર સર્કલ થઇ એ.ઇ.સી. બ્રિજ નીચેથી જમણીબાજુ વળી ભુયંગદેવ થઇ સાર્થક ચાર રસ્તા થઇ સોલાબ્રીજ નીચે આવ-જા કરી શકાશે.

**૨.** એસ.જી. હાઇવેથી કારગીલ ચાર રસ્તા થઇ ચાણક્યપુરી બ્રીજ થઇ પ્રભાતચોક થઇ કે.કે.નગર રોડ ઘાટલોડીયા થઇ ઉમિયાહોલ થઇ નિર્ણયનગર ગરનાળા થઇ આવ-જા કરી શકાશે.

**૩.** વૈષ્ણોદેવી સર્કલ થી સરખેજ તરફ જવા-આવવા માટે એસ.પી. રીંગ રોડનો ઉપયોગ કરી શકાશે.

**૪.** એસ.જી.હાઇવે સાણંદ સર્કલથી હેબતપુર ચાર રસ્તા સુધીનો માર્ગ તમામ પ્રકારનાં વાહનો માટે બંધ રહેશે.

**૫.** ભારે વાહનો એસ.જી.હાઇવે તથા ઉપરોક્ત જણાવેલ રૂટ તથા આશ્રમરોડ ઉપર પ્રવેશ કરી શકશે નહી.

આ જાહેરનામું ફાયરબ્રિગેડ,એમ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો અમલ **ઉક્ત રૂટ (૧), (૨), (૩)** માં જણાવેલ સમય મુજબ કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨૯ /૦૧/૨૦૧૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૯/૦૧/૨૦૧૭
અમદાવાદ.

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
   ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)
   રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
   રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
   ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
   ૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :–**

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/– ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.